છુટક નકલ રૂા. ૫=૦૦ (Posted & Published on 5th day of Each Month) દર મહિનાની '૫' તારીખે પ્રકાશિત

વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન — માર્ચ - ૨૦૧૬

R.N.I. NO. 14974/57 Post. Reg. No. GAMC-56/2015-17 Valid up to 31-12-2017



' ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ '

# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

**શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ સંચાલિત જ્ઞાતિનું મુખપત્ર**

સી/૮, પ્રાર્થના ફ્લેટ, અંકુર સ્કુલ સામે, ફતેહનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭ ફોન : ૦૭૯-૨૬૬૩૦૪૪૯



આદ્યસ્થાપક

**શ્રી બાલમુકુંદ ડી. આચાર્ય** — પ્રમુખ ફોન : ૦૭૯-૨૫૪૩૦૨૯૨
**શ્રી જશવંતભાઈ એફ. વ્યાસ** — ઉપપ્રમુખ મો. ૮૧૨૮૫૩૩૯૫૪
**શ્રી જયપ્રકાશ બી. શુક્લ** — મંત્રી મો. ૯૮૨૪૪ ૭૯૯૪૪

-: તંત્રી :-
શ્રી નરહરિપ્રસાદ ત્રિ.વ્યાસ
-: સહતંત્રીઓ :-
શ્રી સંદીપકુમાર આર.જોષી
મો. ૯૪૨૮૪ ૮૬૭૫૨
શ્રી જયેશભાઈ કે. ઉપાધ્યાય
મો. ૯૪૨૬૩ ૯૯૦૧૯
શ્રી ધીરજલાલ એન. ભટ્ટ
મો. ૯૯૨૫૨ ૮૪૮૮૩
-: ટ્રસ્ટી મંડળ :-
શ્રી દિલીપકુમાર કે. જોષી
મો. ૯૯૦૯૯ ૬૨૦૨૬
શ્રી સુધાકરભાઈ કે. ભટ્ટ
મો. ૯૩૨૭૦ ૦૨૧૦૫
શ્રી રાજેન્દ્રભાઈ એમ. મહેતા
મો. ૯૪૨૭૬૬૧૯૮૩
શ્રી પ્રવિણચંદ્ર એચ. પંડ્યા
મો. ૯૪૨૭૨ ૩૯૩૫૧
શ્રી ચેતનકુમાર કે. વ્યાસ
મો. ૯૮૨૪૨ ૮૬૮૯૬
-: કાર્યાલય મંત્રી :-
જયેશભાઈ એમ. મહેતા
ફોન : ૦૭૯-૨૭૬૮૨૧૮૩
મો. ૯૯૯૮૮૦૪૮૩૮

અંક -૩ વર્ષ - ૬૮
માસ : ફાગણ
સંવત - ૨૦૭૨
તા. ૫-૩-૨૦૧૬
વાર્ષિક લવાજમ ફી રૂા.૫૦
આજીવન લવાજમ ફી રૂા. ૨૫૧
છુટક નકલ રૂા. ૫=૦૦



## ૐ નમઃ શિવાય

## સંપાદકીય ......

આ દુનિયામાં કોઈ પણ વ્યકિત પરિપૂર્ણ નથી. કાંઈક ને કાંઈક, કોઇ પણ વિષયમાં ખામી હોવાની તે નિશ્ચિત છે. પરિપૂર્ણ તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ જ છે. કોઈ બે વ્યકિતમાં એક્સરખાપણું જોવામાં આવતું નથી. દરેક વ્યકિત સુખ, શાંતિ મેળવવા વલખા મારતો હોય છે.

કેટલાક લોકો આપણે જોઈશું તો કાયમ હસતા જ જોવા મળશે. ગમે તેવો બનાવ બન્યો હોય પરંતુ આવા લોકો હસીને વાત કરશે. આનાથી અલગ જોઈએ તો કેટલાક લોકો કાયમ ઉદાસ અને ચિંતામગ્ન જોવા મળશે. આવા લોકોની મળીને આપણો ચહેરો પણ દિવેલ પીધા જેવો થઈ જશે. તમારો સ્વભાવ જો હકારાત્મક હશે, કોઈ પણ બાબત હશે તેને હકારાત્મક (પોઝીટીવ) દ્રષ્ટિથી જોશો તો તમારી સ્થિતિ કાયમ હસતા રહેતા લોકો જેવી થશે અને જો તમારો સ્વભાવ નકારાત્મક હશે, દરેક બાબતને તમે નકારાત્મક દ્રષ્ટિ (નેગેટીવ) થી જોશો. તમારી સ્થિતિ, કેટલાક લોકો ઉદાસીન ચહેરો જોવા મળતા હોય છે તેવી થશે. વિષય એક જ હશે પરંતુ તેને જોવાની દ્રષ્ટિ અલગ અલગ હશે. ઉદાહરણ તરીકે શ્રી સુધાકરભાઈએ મધુલત્તા હોલના કાર્યક્રમ વખતે એક ફોટો અને એક મેટર આપી જે ત્યાર પછીના વાલમ વર્તમાનમાં પ્રગટ કરવાની હતી. થયું એવું કે મેટર આવી પણ ફોટો ન આવ્યો. ત્યારબાદ પ્રાર્થના ફ્લેટમાં મળ્યા ત્યારે તેમણે મને ક્હ્યું કે, ફોટો ન આવ્યો તો કાંઈ નહિં, ફોટો મને પરત કરજો, જેનો છે તેને પરત કરવાનો છે. વસ્તુસ્થિતિ એવી બની કે ફોટો મારાથી બીજે ક્યાંક મુકાઈ ગયો હોવાથી તે સમયે મારી પાસે નહોતો, તે વખતે પણ તેમણે મને ક્હ્યું, કાંઈ વાંધો નહિં, શોધવાનો પ્રયત્ન કરજો, મળે તો મને આપજો, આ હકારાત્મક અભિગમ છે. જેનાથી બંને પક્ષે સુખશાંતિનો અનુભવ થશે. આજ વાતને નકારાત્મક દ્રષ્ટિકોણથી જોવામાં આવી હોત તો બંને પક્ષે અશાંતિ અને અવિશ્વાસનું વાતાવરણ ઉભું થાત. નકારાત્મક અભિગમ ધરાવતા લોકો ગમે તેવો સારો પ્રસંગ હશે તો પણ તે સ્વાભાવિક રીતે લેશે, 'આ તો થવાનું જ હતું ને, તે આમાં નવું શું થયું ?' આવા વિચારોથી પોતે તો દુઃખી નો દુઃખી જ રહેશે, તેને ક્શાયમાં આનંદ માણવા જેવું દેખાશે નહિં.

ડૉ. એ.પી.જે. અબ્દુલ ક્લામને તેમના મિત્ર ડૉ. બ્રહ્મપ્રકાશે જે ક્હ્યું તેનાથી દુનિયાને જોવાની તેમની દ્રષ્ટિ બદલાઈ ગઈ હતી. ડૉ. બ્રહ્મપ્રકાશે ક્હ્યું કે, 'ક્લામ, જો તમે આ દુનિયાને અસંસ્કારી, અશિષ્ટ અને અણઘડ ગણશો તો તેનાથી તમારી એકાગ્રતા ઓછી થઈ જશે. નકારાત્મક વિચારસરણીથી આપણે આપણી જાતને જ નુક્સાન કરી દઈશું. આવી વિચારધારા બોજારૂપ છે. તમે પ્રવાસમાં ૨૦ બેગ ઉચકીને તેની મજા માણી શકશો ખરા ? આ પ્રકારનો બોજ તમારા પ્રવાસની મઝા મારી નાંખે છે અને જીવનમાં આગળ વધવાની તમારી ઝડપ ઘટાડે છે.

એક વાર્તા છે, માણસ દુઃખી દુઃખી થઈ જાય છે. એટલે બધા ભેગા મળીને દુઃખના નિવારણ માટે બ્રહ્માજી પાસે જવાનું નક્કી કરે છે. બ્રહ્માજીને વિનંતી કરે છે 'પ્રભુ અમે દુઃખી દુઃખી થઈ ગયા, અમારું દુઃખ દુર થાય તેવો કોઈ ઉપાય બતાવો. બ્રહ્માજીએ તેમની વાત સાંભળીને બે પોટલા આપ્યા અને ક્હ્યું આ પોટલું આગળ રાખજો અને બીજું પોટલું છે તે પાછળ રાખજો' મનુષ્યો બ્રહ્માજીએ આપેલા બે પોટલા લઈને પરત ગયા, ૧૦ દિવસ, ૧૫ દિવસ, તેમના દુઃખમાં વધારો થયો એટલે ફરી પાછા ભેગા થયા અને બ્રહ્માજી પાસે ગયા. અને બ્રહ્માજીને ક્હ્યું, 'પ્રભુ તમે આપેલા આ બે પોટલાથી તો દુઃખ ઓછું થવાને બદલે વધ્યું. આમ કેમ થયું ? કોઈક ઉપાય બતાવો.' બ્રહ્માજીએ તેમને પૂછ્યું કે, 'ક્યું પોટલું આગળ રાખ્યું હતું અને ક્યું પોટલું પાછળ રાખેલ હતું. ?' માણસે જે પોટલું આગળ રાખવાનું હતું તે પોટલું પાછળ રાખ્યું હતું અને પાછળ રાખવાનું પોટલું આગળ રાખ્યું હતું. જે પોટલું આગળ રાખવાનું હતું તેમાં માણસના પોતાના દોષ હતાં અને જે પોટલું પાછળ રાખવાનું હતું તેમાં બીજાના દોષ હતા જે આગળ રાખ્યું. એટલે કે માણસે બીજાના દોષ જોયા ર્ક્યા, પોતાના દોષો જોયા જ નહિં, પરિણામે વધુ દુઃખી થયાં.

મિત્રો, આપણે સૌ જે દિવસથી હકારાત્મક અભિગમ અપનાવશું, અને બીજાના દોષો જોવાને બદલે આપણે આપણા પોતાના દોષો જોવાનું રાખીશું, તો આપણે ક્યારેય પણ દુઃખી નહીં થઈએ, તે ૧+૧= ૨ જેવી વાત છે.

- નરહરિ વ્યાસ

## મહામંડળને મળેલ ભેટ

૨૫૧ ગીરીશકુમાર ભાઈલાલભાઈ પંડ્યા, સોજીત્રા, આજીવન સભ્ય, ચરોતર ક્ષેત્ર, ૧૫૩૭૫
૨૫૧ વિજયકુમાર નટવરલાલ પંડ્યા, બોરસદ, આજીવન સભ્ય, ચરોતર ક્ષેત્ર, ૧૫૩૭૬
૧૦૦૧ પરેશકુમાર ઉષાકાંતભાઈ વ્યાસ, નડીયાદ, સુપુત્ર ચિ. કુશલની જનોઈ પ્રસંગે કુળદેવી ચરણમાં ભેટ, ૧૫૩૭૭
૧૦૦૧ ગં.સ્વ. જયશ્રીબેન અરૂણભાઈ પંડ્યા, રાજકોટ, સ્વ. અરૂણભાઈ કાંતિલાલ પંડ્યાના સ્મરણાર્થે વા.વ. સહાય, ૧૫૩૭૮
૧૦૧ એન.પી. વ્યાસ, મા નર્મદાની પરિક્રમા સુખરૂપ કરી પરત આવ્યા તે નિમિત્તે વા.વ.સહાય, ૧૫૩૭૯
૧૦૦૧ અનિશભાઈ અરૂણભાઈ પંડ્યા, તિથીદાન, અરૂણભાઈ કાંતિલાલ પંડ્યા, રાજકોટ, પોષ સુદ ૧૩, ૧૫૩૮૦
૬૫૧ વિમળાબેન ઈન્દુપ્રસાદ આચાર્ય, ધંધુકા, ૧૫૩૮૧ (૧૦૦/- ઘીના દિવા+૧૦૦/- વા.વ. સહાય+૧૦૦/- કેળવણી ફંડ+૨૫૧/- આજીવન સભ્ય ફી, ધંધુકા ક્ષેત્ર + ૧૦૦/- સ્વ. ઈન્દુભાઈની તિથી, મહાવદ ૭ના શ્રદ્ધાસુમન)
૫૦૦ ઈન્દીરાબેન રમેશચંદ્ર શુકલ, યુ.કે., માતાજીના ચરણમાં ભેટ, ૧૫૩૮૨
૫૦૦ કાશ્મીરાબેન આર. ઉપાધ્યાય, યુ.કે., માતાજી ના ચરણમાં ભેટ, ૧૫૩૮૩
૫૦૦ ઉપેન્દ્રભાઈ કૃષ્ણનાથ ગોર, યુ.કે. (હાલ વડોદરા), માતાજીના ચરણમાં ભેટ, ૧૫૩૮૪
૧૫૧ સચીન વિનુભાઈ વ્યાસ, ગાંધીનગર, સ્વ. ભારતીબેન સુબોધચંદ્ર વ્યાસની સરવણી નિમિત્તે વા.વ. સહાય, ૧૫૩૮૫
૧૦૦૧ જનકકુમાર નૌતમલાલ ઉપાધ્યાય, રાજકોટ, તિથીદાન, સ્વ. બળવંતરાય અમ્રતલાલ ઉપાધ્યાય, તિથી ફાગણ વદ ત્રીજ, ૧૫૩૮૬, હ. નિરંજનભાઈ
૧૦૦૧ વિનયચંદ્ર કાન્તિલાલ ઉપાધ્યાય, રાજકોટ, તિથીદાન, ગં.સ્વ.સ્વ. અન્નપૂર્ણાબેન કાંતિલાલ ઉપાધ્યાય, તિથી આસો સુદ ૧૧, ૧૫૩૮૭
૧૦૦૧ જનકકુમાર નૌતમલાલ ઉપાધ્યાય, રાજકોટ, તિથીદાન સ્વ. નૌતમલાલ અમ્રતલાલ ઉપાધ્યાય, તિથી કારતક સુદ ૧૪, ૧૫૩૮૮
૧૦૧ રમાબેન જયંતિલાલ જોષી (મુંબઈ), કુળદેવી અખંડ દિવો, સ્વ. જયંતિલાલ એચ. જોષીની પ્રથમ વાર્ષિક તિથી નિમિત્તે, પોષ સુદ ૧૫, ૧૫૩૮૯
૧૧૦૦ વિપુલ વિનોદરાય ઉપાધ્યાય, ધંધુકા (૫૦૦/- કુળદેવી, ૬૦૦/-વા.વ. સહાય) ધંધુકા ખાતે એગ્રો ફર્ટિલાઈઝર પ્રોડકટ અંગેનું જીન શરૂ કરવાના, ૧૫૩૯૦
૨૫૧ ઓમ જીતેન્દ્ર મહેતા, અમદાવાદ, આજીવન સભ્ય ફી, ધંધુકા, ૧૫૩૯૧
૨૫૧ અંજનાબેન દેવેશભાઈ વ્યાસ, સુરત આજીવન સભ્ય, ધંધુકા, ૧૫૩૯૨
૧૦૫ સતિષભાઈ અમ્રતલાલ પંડ્યા, બોરીવલી, મુંબઈ, સુપુત્ર, ચિ. પ્રતિકની શ્રીફળવિધી પ્રસંગે વા.વ. સહાય, ૧૫૩૯૩
૧૦૫ નયનકુમાર હરિલાલ ઉપાધ્યાય, ગોંડલ, સુપુત્રી ચિ. જલ્પાની શ્રીફળવિધી પ્રસંગે વા.વ.સહાય, ૧૫૩૯૪
૫૭૫૧ દિનેશભાઈ ઈશ્વરલાલ પુરોહિત, યુ.કે. (૫૦૦૧/- કુળદેવી ચરણે ભેટ, ૭૫૦/- ટપાલ ખર્ચ)હ.ચારૂબા દિનેશભાઈ પુરોહિત, ૧૫૩૯૫
૧૫૧ રમેશચંદ્ર પોપટલાલ જોષી, અમદાવાદ, પુત્રી ચેતનાના સુપુત્રો ચિ. ધાર્મિક તથા ચિ. શિવમ્‌ના યજ્ઞોપવિત સંસ્કાર પ્રસંગે વા.વ.સ., ૧૫૩૯૬
૫૦૦ ભાવિનકુમાર હર્ષદભાઈ વ્યાસ, વસો, ચિ. પલકના લગ્નપ્રસંગે ભેટ, ૧૫૩૯૭
૭૫૦ કેશવલાલ ફુલાશંકર વ્યાસ, વાંઠવણી, સ્વ. ઈન્દીરાબેન ની શ્રદ્ધાંજલિ મેટર માટે, ૧૫૩૯૮
૧૩૦૨ રેખાબેન ઉમાકાંતભાઈ ઉપાધ્યાય, અમદાવાદ, (૧૦૦૧/- સ્વ. ઉમાકાંત દયાશંકર ઉપાધ્યાય, ની તિથી કારતક વદ ત્રીજ તથા રૂા. ૩૦૧/-

સ્વ. ઉમાકાંત દયાશંકર ઉપાધ્યાયની સરવણી પ્રસંગે વા.વ.સહાય), ૧૫૩૯૯

૨૫૧ કાર્તિકભાઈ ઉમાકાંતભાઈ ઉપાધ્યાય, અમદાવાદ, આજીવન સભ્ય ફી, ધંધુકા ક્ષેત્ર, ૧૫૪૦૦

૧૦૧ ભાવિનભાઈ જનાર્દનભાઈ ભટ્ટ, મુળ ધંધુકા, હાલ જામનગર, ચિ.પુત્રી દિશા બી.સી.એ.ના ફર્સ્ટ સેમેસ્ટરમાં કોલેજમાં પ્રથમ આવવાથી વા.વ.સહાય, ૧૫૪૦૧

૧૦૦૧ ભાવિન જનાર્દનભાઈ ભટ્ટ, જામનગર, સ્વ. માતુશ્રી શર્મિષ્ઠાબેનની ઈચ્છા મુજબ કેળવણી ફંડમાં, ૧૫૪૦૨

૧૫૦૦ દિપક પ્રમોદરાય ભટ્ટ, નરોડા, સ્વ. પિતાશ્રી પ્રમોદરાય જીવરામ ભટ્ટ તથા માતુશ્રી સ્વ. મધુબેન પ્રમોદરાયની શ્રદ્ધાંજલી મેટર પેટે વા.વ. સહાય, ૧૫૪૦૩

૧૦૦૧ દિલીપભાઈ લાભશંકર ભટ્ટ, અમદાવાદ, તિથીદાન, સ્વ. લાભશંકર અમુલખરાય ભટ્ટ, પોષ વદ અમાસ, ૧૫૪૦૪

૧૦૧ જગદીશભાઈ ચંદુલાલ આચાર્ય, અમદાવાદ, ચિ. પુત્રી શિવાંગી જેક્મેનભાઈ વ્યાસને ત્યાં પુત્રી ચિ. માર્ગીનો જન્મ થવાથી વા.વ.સહાય, ૧૫૪૦૫

૨૫૧ પુરોહિત મહેશભાઈ દેવશંકર, આજીવન સભ્ય, ચાર જથ્થા

૧૦૧ બાબુભાઈ જમનાશંકર જોષી, ચિ. તેજસના લગ્નપ્રસંગે

૧૦૧ ચેતનભાઈ મહેન્દ્રભાઈ ભટ્ટ, નવા ડીસા, ચિ. બિજલના લગ્નપ્રસંગે ભેટ

**માતાજીના મંદિરમાં આવેલ ભેટ તથા વસ્તુની યાદી**
**તા. ૫-૧-૧૬ થી ૨૪-૨-૧૬ સુધી**

૧૦૧ સંજીવ રજનીકાંત જોષી, ૨૬૧૪

૧૦૧ ચંદ્રકાંત અમૃતલાલ પુરોહિત, હ. રાકેશ પુરોહિત, ૨૬૧૫

૫૦૧ ઈન્દીરાબેન હરીકૃષ્ણ પુરોહિત, ૨૬૧૬

૫૦૧ ચરોતર વાલમ બ્રાહ્મણ યુવક મંડળ, ૨૬૧૭

૧૦૦૧ અજયભાઈ પ્રમોદભાઈ વ્યાસ, ૨૬૧૮

૫૦૧ મયુર નિરંજનભાઈ પંડ્યા, ૨૬૧૯

૧૦૧ નિતીનભાઈ દિક્ષીત, ૨૬૨૦

૫૦૧ નિરવ પ્રવિણચંદ્ર ઉપાધ્યાય, ૨૬૨૧

૧૦૦૦ અરૂણભાઈ આચાર્ય તથા મીનાબેન શાહ, લેસ્ટર, યુ.કે., ૨૬૨૨

૧૦૦૦ જશવંતભાઈ આચાર્ય એન્ડ ફેમીલી, ૨૬૨૩

૫૦૦૦ વસંતભાઈ રામચંદ્ર દિક્ષીત, હ. મિથીલ અને સુચિલ (ઓસ્ટ્રેલિયા), ૨૬૨૪

૧૦૦ પ્રતિમાબેન વસંતભાઈ દિક્ષીત, ૨૬૨૫

૫૦૦૦ પ્રકાશચંદ્ર, રવિશંકર અધ્વર્યુ, અખંડ દિવો, ૨૬૨૬

૧૦૧ શૈલેષભાઈ કે. જોષી, ૨૬૨૭

૧૦૧ દિલીપભાઈ લક્ષ્મીકાંત ભટ્ટ, ૨૬૨૮

૧૦૧ નૈષધ દિલીપભાઈ ભટ્ટ, ૨૬૨૯

૧૦૧ જીજ્ઞેશ દિલીપભાઈ ભટ્ટ, ૨૬૩૦

૨૪૩૦ દિલીપભાઈ પંડ્યા, ૨૬૩૧

૧૦૦ કુસુમબેન દુર્ગાપ્રસાદ આચાર્ય, જન્મદિવસ નિમિત્તે, ૨૬૩૨

૧૦૦ દર્શ નિશાંતભાઈ આચાર્ય, ૨૬૩૩

૧૦૦ વેદીકા અમિતભાઈ આચાર્ય, ૨૬૩૪

૫૦ અરવિંદભાઈ ધીરજલાલ દિક્ષીત, ૨૬૩૫

૧૦૦ કિરીટભાઈ ચીમનલાલ ઉપાધ્યાય, ૨૬૩૬

૧૦૧ ધર્મેશભાઈ રવિશંકર મહેતા, ૨૬૩૭

૫૦ હર્ષદરાય પી. દિક્ષીત, ૨૬૩૮

૧૦૦ વિરેન્દ્રભાઈ જી. આચાર્ય, ૨૬૩૯

૨૦૧ દુર્ગાપ્રસાદ કૃષ્ણદેવ આચાર્ય, ૨૬૪૦

૧૫૧ પ્રમોદરાય નર્મદાશંકર આચાર્ય, ૨૬૪૧, સ્વ. પિતાશ્રી નર્મદાશંકર આચાર્યની પૂણ્યતિથી નિમિત્તે માતાજીના ચરણોમાં ભેટ

૧૦૧ સેતુલ ઉમેશભાઈ આચાર્ય, ૨૬૪૨

૧૦૧ વિજયભાઈ કે. આચાર્ય, થલતેજ, ૨૬૪૩

૧૦૧ અરૂણભાઈ એમ. શુક્લ, ૨૬૪૪

૨૫૨૦ ઈમદાનભાઈ જલવાણી, ૨૬૪૫

૫૫૧ વી.આર.ટી.આઈ., હ. વિજયભાઈ, ૨૬૪૬

૧૫૧ દિલીપભાઈ મનસુખલાલ ઉપાધ્યાય, ચિ. મિલનના લગ્નપ્રસંગે વલ્લભીપુર માતાજીના

મંદિરે યજ્ઞ કરતાં ભેટ, ૨૬૪૭
૧૩૧૦ વિંગ્સ હોસ્પિટલ, અમદાવાદ, ૨૬૪૮
૧૦૦૦ જસુબેન રામનારાયણ જોષી, ૨૬૪૯
૨૦૦૦ જસુબેન રામનારાયણ જોષી, સાડી પેટે, ૨૬૫૦
૫૦૦ નેહાબેન રાકેશકુમાર પુરોહિત, ચિ.માધવની યજ્ઞોપવિત નિમિત્તે મા ના ચરણે ભેટ, ૨૬૫૧
૫૦૧ યશવંતરાય સોમનાથ મહેતા, ૨૬૫૨
૨૫૧ કેતનકુમાર રમેશચંદ્ર ભટ્ટ, છાયાબેન તથા કેતનકુમારના લગ્નના ૨૫ વર્ષ પુરા થતા માતાજીના ચરણમાં ભેટ, ૨૬૫૩
૧૦૧ અનિલાબેન હરીપ્રસાદ મહેતા, ૨૬૫૪
૫૫૧ ચેતનભાઈ ત્રિવેદી, વલભીપુર, ૨૬૫૫
૧૦૦૧ નિધીબેન કૃષ્ણકાંત ઉપાધ્યાય, નોકરીના પ્રથમ પગારમાંથી માતાજીના ચરણમાં ભેટ, ૨૬૫૬
૫૦૧ ઉજ્જવલ કૌશિકભાઈ આચાર્ય, ૨૬૫૭
૧૦૧ પુર્વીબેન ઉદયભાઈ અધ્વર્યુ, ૨૬૫૮
૧૦૧ ફાલ્ગુનીબેન ભરતભાઈ અધ્વર્યુ, ૨૬૫૯
૧૦૧ પ્રફુલચંદ્ર હરગોવિંદદાસ અધ્વર્યુ, ૨૬૬૦
૭૫૧ ભા.જ.પા. યુવા મોરચા મિટીંગ, ૨૬૬૧
૧૦૦૧ જયેશભાઈ નર્મદાશંકર આચાર્ય

**સાડી તથા વસ્તુની યાદી**

અમુલ ઘી, ૧૫ ક્લિો ૧ ડબો અરૂણભાઈ આચાર્ય તથા મીનાબેન શાહ તરફથી માતાજીના ચરણોમાં ભેટ, ૨૫૭૫
ક્રોમ્ટન પેડલ સ્ટેન્ડ પંખા- ૨ નંગ પ્રકાશચંદ્ર રવિશંકર અધ્વર્યુ, ૨૫૭૬
સાડી ૧ હસુમતીબેન દિલીપભાઈ ભટ્ટ, ૨૫૭૭
સાડી ૧ દિપીકાબેન દિલીપભાઈ ઉપાધ્યાય, ૨૫૭૮
૧ ગ્રામ સોનાથી મિશ્રણ હાર ૧ નંગ + ૧ ક્લિો ઘી નિધીબેન કૃષ્ણકાંત ઉપાધ્યાય તથા દર્શનાબેન કૃષ્ણકાંત ઉપાધ્યાય તરફથી ભેટ, ૨૫૭૯

## તિથિદાન

**(ફાગણ સુદ ૧ થી ફાગણ વદ અમાસ, ૨૦૭૨ તા. ૧૦-૩-૨૦૧૬ થી ૭-૪-૨૦૧૬ સુધી)**

સ્વ. વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્યની સ્મૃતિમાં ચાલુ માસની બાકી રહેતી તિથીઓ માટે પૂજા,થાળ, અર્ચન

**ફાગણ સુદ ૧**
સ્વ. ફુલચંદ જગજીવનદાસ મહેતા
**ફાગણ સુદ ૨**
સ્વ. દશરથલાલ હરગોવિંદદાસ દિક્ષીત
**ફાગણ સુદ ૩**
સ્વ. રતિલાલ ગંગારામ ઉપાધ્યાય
સ્વ. શાંતાબેન મંગળરામ મહેતા
સ્વ. વિરેન્દ્રભાઈ નટવરલાલ પંડ્યા
**ફાગણ સુદ ૪**
સ્વ. પુંજાલાલ ઈચ્છારામ પુરાણી
સ્વ. ચંપકલાલ આર. ભટ્ટ
સ્વ. ધીરજબેન ભાનુપ્રસાદ વ્યાસ
સ્વ. ઘનશ્યામભાઈ હરિલાલ વ્યાસ
**ફાગણ સુદ ૫**
સ્વ. ડાહ્યાલાલ જી. વ્યાસ
**ફાગણ સુદ ૭**
સ્વ. કરશનજી મનોરદાસ મહેતા
**ફાગણ સુદ ૮**
સ્વ. ડાહ્યાલાલ પુરુષોત્તમદાસ ઉપાધ્યાય
સ્વ. સુમિત્રાબેન હરિશંકર પંડ્યા
**ફાગણ સુદ ૯**
સ્વ. સોમેશ્વર મયુરભાઈ ઉપાધ્યાય
સ્વ. શાંતિલાલ ભાઈશંકર પંડ્યા
સ્વ. ભાનુશંકર પ્રભાશંકર શુકલ
**ફાગણ સુદ ૧૦**
સ્વ. વિનાયકરાવ ઉમિયાશંકર ભટ્ટ
સ્વ. સુરેન્દ્રભાઈ ભગવાનદાસ મહેતા
**ફાગણ સુદ ૧૨**
સ્વ. ભાઈશંકર શામળજી પંડ્યા
સ્વ. શાંતાબેન નટવરલાલ પુરોહિત
સ્વ. શાંતાબેન જયંતિલાલ મહેતા
**ફાગણ સુદ ૧૩**
સ્વ. હરિકૃષ્ણ પ્રભાશંકર દિક્ષીત
સ્વ. શાંતાબેન અમરચંદ ઝવેરી
સ્વ. જાગૃતિબેન રાજેન્દ્ર ઉપાધ્યાય
**ફાગણ સુદ ૧૫**
સ્વ. ઉમીયાશંકર ચીમનલાલ પંડ્યા
સ્વ. સવિતાબેન રામકૃષ્ણ અધ્વર્યુ
**ફાગણ વદ ૧**

સ્વ. ભગવતીબેન ઠાકોરભાઈ વ્યાસ
સ્વ. પ્રવિણચંદ્ર જેશંકર વ્યાસ

**ફાગણ વદ ૨**
સ્વ. હિરાલક્ષ્મી પોપટલાલ આચાર્ય
સ્વ. પ્રભાવતીબેન ચંદ્રકાંતભાઈ ભટ્ટ

**ફાગણ વદ ૩**
સ્વ. કૃષ્ણકાંત રામચંદ્ર ભટ્ટ
સ્વ. રતિલાલ માણેકલાલ પંડ્યા
સ્વ. બળવંતરાય અમૃતલાલ ઉપાધ્યાય

**ફાગણ વદ ૪**
સ્વ. ત્રિપુરાશંકર એસ. આચાર્ય
સ્વ. વિશ્વનાથ ગીરજાશંકર અધ્વર્યુ
સ્વ. દિપકકુમાર જટાશંકર અધ્વર્યુ

**ફાગણ વદ ૫**
સ્વ. અંબારામ દેવરામ ભટ્ટ
સ્વ. જયંતકુમાર જે. પુરોહિત
સ્વ. જશવંતીબેન ચંદ્રવદન પંડ્યા

**ફાગણ વદ ૬**
સ્વ. મધુસુદન હરગોવિંદદાસ ભટ્ટ
સ્વ. ભાસ્કરભાઈ કૃષ્ણારામ વ્યાસ

**ફાગણ વદ ૭**
સ્વ. તારાબા ભાનુશંકર અધ્વર્યુ

**ફાગણ વદ ૮**
સ્વ. સ્વ. કિશોરચંદ્ર બળવંતરાય અધ્વર્યુ
સ્વ. રામચંદ્ર અંબાલાલ પંડ્યા

**ફાગણ વદ ૧૦**
સ્વ. ઘનશ્યામભાઈ ગોર

**ફાગણ વદ ૧૧**
સ્વ. નર્મદાબેન બાલકૃષ્ણ પંડિત

**ફાગણ વદ ૧૨**
સ્વ. ચંપાબેન કાળીદાસ મહેતા
સ્વ. મહેશ મધુસુદન મહેતા

**ફાગણ વદ ૧૩**
સ્વ. પ્રવિણચંદ્ર જેશંકર વ્યાસ
સ્વ. ચૈતન્યબાળા ભીખુભાઈ પુરોહિત
સ્વ. દિવ્યાબેન ઋષિકેશ ઉપાધ્યાય

**ફાગણ વદ ૧૪**
સ્વ. પુરુષોત્તમ જીવરામ જોષી
સ્વ. મૃદુલાબેન મુકુંદલાલ દિક્ષીત

– જયેશ એમ. મહેતા, કાર્યાલય મંત્રી

## ઉજ્જૈન - સાંદિપની ઋષિના આશ્રમે યજ્ઞ

– બાલમુકુંદ આચાર્ય

શ્રી અશ્વિનભાઈ બાલમુકુંદભાઈ દિક્ષીત, તેઓના પરિવારના સભ્યોનો જન્મદિવસ પોતાના ઘરે ન ઉજવતાં, ધાર્મિક અને ઐતિહાસિક સ્થળે યજ્ઞવિધી કરીને જ્ઞાતિબંધુઓને સાથે રાખીને પ્રસંગને માણતા હોય છે. આ રીતે અગાઉ અંબાજી, ખેડબ્રહ્મા, પાવાગઢ, ભદ્રકાળી વગેરે સ્થળોએ જઈને યજ્ઞ કરી પ્રસંગને ઉજવ્યો છે. અને સાથે સાથે જ્ઞાતિબંધુઓને આ બધી યાત્રાઓનો લાભ આપેલ છે.

આ વખતે તા. ૨૨-૨-૨૦૧૬ને પૂનમ અને સોમવાર, તેઓના પુત્ર સુયુજ અને પુત્રવધુ સ્મૃતિના પુત્ર મહર્ષનો જન્મ દિવસ આવતો હોવાથી જ્ઞાતિબંધુને ૧૨ જ્યોર્તિલિંગ પૈકીના મહાકાલેશ્વર મહાદેવની યાત્રા કરાવવાનો વિચાર આવ્યો અને તે મુજબ ચાર મહિના પહેલાં રેલ્વેનું રીઝર્વેશન કરાવ્યું, જેમાં ૩૦૦થી પણ વધારે જ્ઞાતિબંધુઓ સામેલ થયા હતા. વાલમ બ્રાહ્મણ સમાજના ચારે વિભાગના જ્ઞાતિબંધુઓ આ યાત્રાના સહભાગી થયા હતા. ઉજ્જૈનના ઐતિહાસિક અને ધાર્મિક સ્થળ એવા સાંદિપની ઋષિના આશ્રમ કે જ્યાં ભગવાન કૃષ્ણએ વિદ્યા પ્રાપ્ત કરી હતી તે સ્થળે યજ્ઞનું આયોજન કર્યું હતું. મહામંડળ કે વિભાગીય મંડળ જો આવો કાર્યક્રમ કરે તો તેની પાસે કાર્યકર્તાઓની મોટી ફોજ હોવા છતાં કાંઈક ને કાંઈક ત્રુટી રહી જાય, પરંતુ અશ્વિનભાઈના આયોજનમાં ક્યાંય ખામી જોવા ન મળી.

કાર્યક્રમમાં સહભાગી થયેલ બધાજ જ્ઞાતિબંધુઓને પાંચ લકઝરી બસમાં ઉજ્જૈનના ધાર્મિક સ્થળોના દર્શન કરાવ્યા હતા. આમ બે દિવસ સાથે રહેવાથી જ્ઞાતિબંધુઓમાં આત્મીયતાની ભાવનાનો આવિર્ભાવ થતો હોય છે અને એ રીતે એકબીજાની નજીક આવતા હોય છે, જે આજના યુગમાં ખૂબ જ જરૂરી છે. ફરી એકવાર, આટલી મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓને સફળતાપૂર્વક, નિર્વિઘ્ને ઉજ્જૈન યાત્રા કરાવી તે બદલ અશ્વિનભાઈ દિક્ષિતને યાત્રામાં સામેલ સૌ જ્ઞાતિબંધુઓ વતી અભિનંદન.

# જ્ઞાતિ સમાચાર

### જન્મ વધામણા

★ મુળી રહેતા રજનીકાંત કેશવલાલ ભટ્ટના ચિ. સુપુત્ર સુનીલ રજનીકાંત ભટ્ટને ત્યાં તા. ૮-૨-૨૦૧૬, સોમવારના રોજ પુત્રી (લક્ષ્મી)નો જન્મ થયેલ છે. માતાનું નામ પ્રિયંકા છે.

★ નારણપુરા, અમદાવાદ રહેતા સ્વ. મહેન્દ્રકુમાર દેવશંકર ભટ્ટના પુત્ર જયેશભાઈને ત્યાં તા. ૧૨-૧૨-૨૦૧૫ના રોજ પુત્રીનો જન્મ થયેલ છે. નામ ધારા રાખેલ છે. માતાનું નામ સીમાબેન છે.

★ વા.બ્રા. મહામંડળના સહતંત્રી જયેશભાઈ કે. ઉપાધ્યાયના સુપુત્ર ચિ. તેજશને ત્યાં તા. ૧૮-૨-૧૬ના રોજ પુત્રી (લક્ષ્મીજી)નો જન્મ થયેલ છે. માતાનું નામ ક્રિાટી છે. પુત્રીનું નામ કેશ્વી પાડેલ છે.

### યજ્ઞોપવિત

★ ડરણ નિવાસી હાલ વિરમગામ રહેતા ગં.સ્વ. શાંતાબેન હરિશંકર પંડ્યાના પૌત્ર તથા અ.સૌ. આશાબેન તથા ક્રિરણકુમાર હરિશંકર પંડ્યાના સુપુત્ર ચિ. હર્ષને તા. ૧૮-૨-૧૬ને ગુરુવારના રોજ યજ્ઞોપવિત ધારણ કરાવેલ છે.

★ ઉધરોજ નિવાસી અ.સૌ. સોનલબેન તથા નરેન્દ્રકુમાર ચુનીલાલ ભટ્ટના સુપુત્ર ચિ. ઋત્વીક તથા ચિ. તિર્થનો યજ્ઞોપવિત સંસ્કાર સં. ૨૦૭૨, મહાસુદ ૧૨ને શુક્રવાર તા. ૧૯-૨-૧૬ના રોજ આપેલ છે.

★ સોજીત્રા : શ્રી હર્તિષભાઈ ભરતભાઈ ભટ્ટના સુપુત્ર ચિ. શ્લોક્ને તા. ૧૯-૨-૧૬ના રોજ જનોઈ આપેલ છે.

### ચૌલક્રિયા

★ મોગર : અ.સૌ. ધ્રુવા તથા શ્રી સમીરકુમાર અનિલચંદ્ર વૈદ્ય (યુ.એસ.એ.) ના સુપુત્ર ચિ. અર્નવને આશાપુરી (પીપળાવ) મુકામે ચૌલક્રિયા (બાધા) કરેલ છે.

### શ્રીફળ વિધી

★ મુંબઈ બોરીવલી (ઈસ્ટ) નિવાસી શ્રી સતિષભાઈ અમૃતલાલભાઈ પંડ્યાના સુપુત્ર ચિ. પ્રતિકની શ્રીફળવિધી ગોંડલ નિવાસી શ્રી નયનકુમાર હરિલાલભાઈ ઉપાધ્યાયની સુપુત્રી ચિ. જલ્પા સાથે તા. ૨૯-૧-૧૬ના રોજ ગોંડલ, હેમવાડી મુકામે સગા-વ્હાલા-મિત્રોની હાજરીમાં બધાના શુભ આશીર્વાદ સાથે સંપન્ન થયેલ છે.

### શુભ લગ્ન સમાચાર

★ મુળ છનિયાર હાલ અમદાવાદ સ્થાયી થયેલ અરૂણભાઈ પ્રમોદરાય વ્યાસ અને શોભનાબેન અરૂણભાઈ વ્યાસની સુપુત્રી ચિ. હિનાના શુભલગ્ન મુળ ધંધુકા હાલ જુનાગઢ નિવાસી અ.સૌ. દિપ્તીબેન તથા અરૂણભાઈ ગજાનંદભાઈ પાઠક્ના સુપુત્ર ચિ. અભિષેકસાથે વિ.સં. ૨૦૭૨, પોષ વદ ૬ને શનિવાર તા. ૩૦-૧-૧૬ના રોજ થયા છે. તથા સુપુત્ર ચિ. પ્રણવ અરૂણભાઈ વ્યાસના શુભલગ્ન રાજકોટ નિવાસી શ્રી અતુલભાઈ સુરેશચંદ્ર ભટ્ટની સુપુત્રી ચિ. પરિતા સાથે તા. ૩૧-૧-૧૬ના રોજ થયા છે. ચિ. હિના તથા ચિ. પ્રણવ તંત્રીશ્રી નરહરિભાઈ વ્યાસના ભત્રીજાની પુત્રી તથા પુત્ર થાય છે.

★ અમદાવાદ નિવાસી અ.સૌ. ઉર્મિલાબેન તથા બાબુભાઈ જમનાશંકર જોષી ના સુપુત્ર ચિ. તેજસના શુભલગ્ન ડીસા નિવાસી ગં.સ્વ. જ્યોત્સનાબેન તથા સ્વ. મહેન્દ્રકુમાર રતિલાલ ભટ્ટની સુપુત્રી ચિ. બિજલ સાથે સં. ૨૦૭૨ના મહાવદ ૫ને રવિવાર તા. ૨૮-૨-૧૬ના રોજ થયા છે.

★ લોલાડા નિવાસી અ.સૌ. દિપીકાબેન તથા દિલીપકુમાર મનસુખલાલ ઉપાધ્યાયના ચિ. સુપુત્ર મિલનના શુભલગ્ન ઉધરોજ, હાલ કડી રહેતા અ.સૌ. મનોરમાબેન તથા શ્રી રમેશચંદ્ર નટવરલાલ વ્યાસની ચિ.સુપુત્રી સ્નેહા સાથે તા. ૨૬-૧-૧૬ને મંગળવારના રોજ થયેલ છે.

★ ઉધરોજ હાલ કડી નિવાસી અ.સૌ. મનોરમા તથા શ્રી રમેશભાઈ નટવરલાલ વ્યાસની ચિ.સુપુત્રી સ્નેહાના શુભલગ્ન લોલાડા નિવાસી અ.સૌ. દિપીકાબેન તથા દિલીપકુમાર મનસુખરાય ઉપાધ્યાયના ચિ.સુપુત્ર મિલન સાથે તા. ૨૬-૧-૨૦૧૬ને મંગળવારના રોજ થયેલ છે.

★ લવાડ (દહેગામ) હાલ અમદાવાદ રહેતા શ્રી જગદીશભાઈ બાબુલાલ ભટ્ટ, પૂર્વ પ્રમુખ, ગુજરાત

રાજ્ય, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘની સુપુત્રી ચિ. યાત્રીના શુભલગ્ન પાલનપુર નિવાસી શ્રી રાજેન્દ્રપ્રસાદ માનશંકર વ્યાસના સુપુત્ર ચિ. અંકુર સાથે તા. ૪-૨-૧૬ના રોજ થયેલ છે.

★ કઠવાડા-હાલ નરોડા નિવાસી વિક્રમકુમાર ચંદુલાલ મહેતા, માતા હર્ષિદાગૌરી વિક્રમભાઈ મહેતાની સુપુત્રી ચિ. માર્ગીના શુભલગ્ન ધંધુકા નિવાસી હાલ અમદાવાદ શ્રી દુષ્યંતભાઈ ગજાનંદભાઈ પાઠક તથા રાજશ્રીબહેન દુષ્યંતભાઈના સુપુત્ર ચિ. મિલન સાથે તા. ૨૨-૨-૧૬ને મહાસુદ પૂનમે સંપન્ન થયેલ છે.

## શ્રીમંત

★ નવરંગપુરા, અમદાવાદ રહેતા દેવેન્દ્રકુમાર કાન્તીલાલ પુરોહિતની ચિ. સુપુત્રી કોમલબેન પંકજકુમારનું શ્રીમંત તા. ૧૧-૨-૧૬ને ગુરુવારના રોજ પ્રસંગ ઉજવેલ છે.

## અભિનંદન



મૂળ ધંધુકા, હાલ જામનગરના ભાવિનભાઈ જનાર્દનભાઈ ભટ્ટની સુપુત્રી ચિ. દિશાની ભાવિન ભટ્ટ, બી.સી.એ.ના ફર્સ્ટ સેમેસ્ટરમાં ૭.૮૩ (સીજીપીએ) મેળવી ડીસ્ટીંકશન સાથે નેશનલ કોમ્પ્યુટર કોલેજ, જામનગરમાં પ્રથમ આવેલ છે. અભિનંદન.

## જ્ઞાતિનું ગૌરવ



સોજિત્રા નગરપાલિકાની તાજેતરમાં થયેલ ચૂંટણીમાં શ્રી દુષ્યંતભાઈ ભાસ્કરભાઈ ભટ્ટ જ્વલંત વિજય મેળવી ચૂંટાયેલ છે. જે જ્ઞાતિ માટે ગૌરવની વાત છે. ભાઈશ્રી દુષ્યંતભાઈને સમગ્ર જ્ઞાતિ તરફથી અભિનંદન અને શુભેચ્છા.

- જયપ્રકાશ શુકલ, મહામંત્રી, મહામંડળ

## યાત્રા પ્રવાસ

વડોદરા શહેરથી આયોજીત થતી મા નર્મદા પરિક્રમામાં નવનીતરાય પ્રાણશંકર વ્યાસ, રહે. હાલ રાજકોટએ તા. ૩૧-૧૨-૨૦૧૫ થી તા. ૧૬-૧-૨૦૧૬ સુધીની યાત્રા સુખરૂપ પૂર્ણ કરેલ છે.

## અવસાન નોંધ

★ અમદાવાદ (વસો) : શ્રી નયનાબેન રમેશચંદ્ર ભટ્ટનું અવસાન થયેલ છે.

★ વાંઠવાળી : શ્રી ઈન્દિરાબેન કેશવલાલ વ્યાસનું અવસાન થયેલ છે.

★ ગાંધીનગર : સચીન વિનુભાઈ વ્યાસના કાકી સ્વ. ભારતીબેન સુબોધચંદ્ર વ્યાસનું તા. ૨૫-૧-૨૦૧૬ના રોજ ગાંધીનગર મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

★ રાજકોટ નિવાસી સ્વ. કાંતિલાલ પંડ્યાના સુપુત્ર શ્રી અરૂણભાઈ કાંતિલાલ પંડ્યા, ઉં.વ. ૭૪ (અરૂણ સ્ટુડિયો વાળા)નું અવસાન તા. ૨૨-૧-૧૬ના રોજ થયેલ છે.

★ બદલપુર - હાલ આદિનાથ, અમદાવાદ રહેતા રમેશચંદ્ર ચીમનલાલ ઠાકરના માતુશ્રી ગં.સ્વ. ડાહીબેન ચીમનલાલ, ઉં.વર્ષ ૯૬નું તા. ૨૪-૨-૧૬ના રોજ અવસાન થયેલ છે.

★ ગંજેરા - શ્રી નવિનચંદ્ર મહિપતરામ મહેતાના સુપુત્ર વિપુલભાઈ ઉં.વ. ૩૨નું તા. ૨૪-૨-૧૬ના રોજ અવસાન થયેલ છે.

★ મુળ ધંધુકા હાલ જામનગર રહેતા ભાવીનભાઈ જનાર્દનભાઈ ભટ્ટના માતુશ્રી ગં.સ્વ. શર્મિષ્ઠાબેન જનાર્દનભાઈ ભટ્ટનું અવસાન થયેલ છે. સદ્‌ગત્‌ના આત્માને મા વાઘેશ્વરી ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના.


## વાલમ વર્તમાનમાં મેટરના દર

શ્રધ્ધાંજલિ (૧/૨ પાનું) રૂા. ૭૫૦/-

શ્રધ્ધાંજલિ (૧ પાનું) રૂા. ૧૫૦૦/-

વ્યક્તિગત મેટર ૧ પાનાના રૂા. ૨૦૦૦/- લેખે વધુમાં વધુ બે પાનાની મર્યાદામાં

પટ્ટી જાહેરાત - ૧૨ અંકના રૂા. ૩૦૦૦/-

## શ્રી ચુંવાળ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ

શ્રી ચુંવાળ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ, ઓગણજ, અમદાવાદ દ્વારા હાલમાં તા. ૧૪-૨-૨૦૧૬ના રોજ વાર્ષિક સ્નેહમિલન તથા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ કરેલ. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ - વિદ્યાર્થીઓ સહિત હાજર રહેલ. જેમાં હાલમાં કોર્પોરેટર તરીકે ચૂંટાયેલ શ્રીમતી રસીલાબેન ભાર્ગવભાઈ પંડ્યા, તથા શ્રીમતી જાગૃતિબેન વિપુલભાઈ મહેતા થા સમાજના કથાકાર તથા વાઘેશ્વરી ધામના કન્વીનર શ્રી રાજુભાઈ શાસ્ત્રી, મનુભાઈ મહેતા તથા અન્ય વડીલ આગેવાનો હાજર રહેલ હતા. તેઓએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ અને આશીર્વાદ આપેલ. તથા તેઓએ સૌ સાથે મળી વાઘેશ્વરી ધામ સંકુલ નું કાર્ય ઝડપથી પૂર્ણ થાય તે માટે તેમાં તન, મન, ધનથી સહકાર આપવા વિનંતી કરેલ.

આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં જાદુગરનો ખેલ, રસિકભાઈ જોષી તરફથી ગીત-સંગીતનો નાનો ટૂંકો પણ સરસ કાર્યક્રમ રજૂ કરેલ હતો.

આ કાર્યક્રમમાં જેઓએ શુભેચ્છક તરીકે ફાળો આપી કાર્યક્રમનું સુંદર બનાવવામાં સહકાર આપેલ છે, તે દરેકનો મંડળ આભાર માને છે.

| | | |
|---|---|---|
| કિશોર પી. વ્યાસ | રાજુભાઈ શાસ્ત્રી | રાજેશ કે. જોષી |
| પ્રમુખ | કન્વીનર | મંત્રી |
| ૯૪૨૮૧૦૯૯૭૬ | ૯૪૨૮૨૩૫૪૬૧ | ૯૯૭૯૩૩૩૬૨૬ |

## શ્રદ્ધાંજલિ

## સ્વ. ઈન્દિરાબેન કેશવલાલ વ્યાસ, વાંઠવાળી



અમો સર્વે કુટુંબીજનો આપના આત્માની શાંતિ માટે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થનાપૂર્વક અશ્રુભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

લિ.
કેશવલાલ ફુલાશંકર વ્યાસ

અ.સૌ. પન્નાબેન તથા શ્રી અજીતભાઈ પુરોહિત
અ.સૌ. કુમુદબેન તથા શ્રી દિપકભાઈ વ્યાસ
અ.સૌ. હર્ષાબેન તથા શ્રી ભદ્રેશભાઈ પુરોહિત
અ.સૌ. હેમાક્ષીબેન તથા શ્રી મહેશભાઈ વ્યાસ
અ.સૌ. પ્રિયંકા તથા શ્રી જૈમિન ડી. વ્યાસ
ચિ. કશ્યપ, પાર્થ, આકાશ, ધ્યેય તથા પરિવાર

## સોરઠની સમજશકિત

સમગ્ર જ્ઞાતિ ગૌરવ લઈ શકે એવી સમજશકિત, શૈક્ષણિક શકિત, સંગઠન શકિત અને વિકાસને વરેલી શકિતઓ સમગ્ર સોરઠમાં હતી અને છે. સમગ્ર જ્ઞાતિ સોરઠથી ગૌરવ લે છે. સોરઠની શકિતનું પ્રતિક, સોળે કલાએ ખીલે એવું પ્રતિક, એટલે રાજકોટમાં સંપૂર્ણ રીતે જેનો બેઝ તૈયાર થયો, બાનાખત લખાઈ ગયો, સમગ્ર જ્ઞાતિ ઉત્સાહ અને આનંદમાં આવી અને ગૌરવ સાથે ક્હેતી થઈ, વાલમ જ્ઞાતિ કેટલી વિચારશીલ અને પ્રગતીશીલ છે, નો અનુભવ કરવો હોય તો રાજકોટ જાવ એમ ક્હેતી થઈ છે. ત્યારે સોરઠે દોટ મુક્વાને બદલે ઘરે બેસી રહે એ હવે સોરઠને નહીં ચાલે. સમગ્ર વાલમ જ્ઞાતિનું સંગઠન એક્લા પુનિત મહારાજે કર્યું. સમગ્ર જ્ઞાતિ માટે શૈક્ષણિક પ્રગતિની ઈમારત દેવશંકર ભગતે ઉભી કરી. એક ધંધુકાના ગામડાનો વતની અને બીજા ચરોતરના ખાંધલી જેવા નાના ગામડાનો વતની. રાજકીય કે અન્ય મતમતાંતર બાજુ પર મુકો અને સમગ્ર જ્ઞાતિને પ્રેરણા રૂપ રાજકોટ સોરઠની શકિત પ્રગતિની તેજસ્વી ઈમારત જ્ઞાતિને ભેટ આપોની નમ્ર વિનંતી પગે લાગીને સૌ સોરઠી વાલમોને કરું છું. સોરઠમાં પ્રગતિનો અટકાવ નહીં ચાલે. સમગ્ર સોરઠની શકિતઓ એકઠી થાય અને અવાજ કરો. અમારી પ્રગતિ અટક્તી નથી અને રાજકોટની ઈમારતરૂપી બગીચો જ્ઞાતિને ચરણે ધરી સંગઠનની ધાક જમાવો.

- સૂર્યકાંત પુરોહિત, વડોદરા

## અપીલ

હાલ ઓગણજ મુકામે વાઘેશ્વરી માતાજીના મંદિરનું કામ પ્રગતિમાં છે. જેમાં પ્રાર્થના હોલનું કામ પૂર્ણ થવાની તૈયારીમાં છે. જેમાં વાલમ જ્ઞાતિબંધુની દરેક વ્યકિતને સહકાર આપવા તથા ઉદાર હાથે ફાળો આપવા માટે વિનંતી કરવામાં આવે છે. જેમાં ચુંવાળ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ નીચે મુજબ નક્કી કરેલ છે.

| | | |
|---|---|---|
| સીમેન્ટ થેલી ૧ નંગ | ૩૦૦/- | રોકડ સહાય |
| સ્ટીલ ૧ મે.ટન | ૩૧૦૦૦/- | |
| ૧ ગાડી ક્પચી | ૧૫૦૦૦/- | |
| ૧ ગાડી રેતી | ૭૦૦૦/- | |
| ૧ હજાર ઈંટોના | ૪૦૦૦/- | |

વધુમાં મંડળે નીચે મુજબનો ઠરાવ કર્યો છે. "વાલમ બ્રાહ્મણ સમાજની કોઈપણ વ્યકિત કે સંસ્થા, મંડળ કે પરિવાર રૂા. ૧૧,૦૦,૦૦૦/- (અગિયાર લાખ) કે તેથી વધુ રક્મ ચુંવાળ મંડળને દાનમાં આપશે તો તેઓ જણાવશે તે મુજબ હોલ પર નામકરણ કરવામાં આવશે."

વધુમાં, આપણું મંડળ ઈન્કમટેક્ષ ની ક્લમ ૮૦-જી હેઠળ રજીસ્ટર્ડ છે. જેનો લાભ જ્ઞાતિજનો લઈ શકે છે.

તો સર્વે જ્ઞાતિજનોને શકિત મુજબ વાઘેશ્વરી ધામ ખાતે આકાર લઈ રહેલ સંકુલમાં સહયોગ આપી અપાવી મંડળને સહકાર આપવા વિનંતી.

-પ્રમોદભાઈ એન. વ્યાસ, સહમંત્રી, વા.બ્રા.મહામંડળ

## સપ્તમી વાર્ષિક શ્રદ્ધાંજલી



**સ્વ. પ્રમોદરાય જીવરામ ભટ્ટ**
**સ્વ.તા. ૨૬-૪-૨૦૧૪**



**સ્વ. મધુબેન પ્રમોદરાય ભટ્ટ**
**સ્વ.તા. ૨૫-૨-૨૦૦૯**

અમો આપના લાડક્વાયા પુત્રો અમારી પ્રાણપ્યારી પ.પૂ. જનેતા મધુબેનની સપ્તમી પૂણ્યતિથી તથા પ.પૂજ્ય પિતાશ્રી પ્રમોદરાય જીવરામ ભટ્ટની દ્વિતીય વાર્ષિક પૂણ્યતિથીએ આપના દિવ્ય આત્માને શત્ શત્ પ્રણામ કરી આપના ચરણોમાં શ્રદ્ધાસુમન અર્પણ કરીએ છીએ.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ આપે તેવી અમારા અંતઃકરણપૂર્વકની પ્રાર્થના.

લિ.

દિપક પી. ભટ્ટ, નરોડા (પુત્ર)
અજીત પી. ભટ્ટ, નરોડા (પુત્ર)
રાજેશ પી. ભટ્ટ, લંડન (પુત્ર)
અક્ષત ડી. ભટ્ટ, નરોડા (પૌત્ર)
જય એ. ભટ્ટ, નરોડા (પૌત્ર)

પ્રિતી ડી. ભટ્ટ, નરોડા (પુત્રવધુ)
અલ્પા એ. ભટ્ટ, નરોડા (પુત્રવધુ)
જીજ્ઞા આર. ભટ્ટ, લંડન (પુત્રવધુ)
મેઘા ડી. ભટ્ટ, નરોડા (પૌત્રી)
ભવ્ય આર. ભટ્ટ, લંડન (પૌત્રી)

## ચુંટણી અધિકારીશ્રી સભ્ય યાદીમાં જરૂરી સુધારા કરવા

ફેબ્રુ. ૨૦૧૬ના વાલમ વર્તમાનના અંકમાં પ્રસિદ્ધ થયેલ સભ્ય યાદીમાં નીચે જણાવ્યા મુજબ સુધારો થયેલ છે. જે માનનીય સભ્યશ્રીઓની જાણ માટે.

-જે.વી. ભટ્ટ, ચૂંટણી અધિકારી

**ધંધુકા ક્ષેત્ર**

| | | |
|---|---|---|
| ૧૪ | દિક્ષીત ઉમેશ બળવંતરાય | અમદાવાદ |
| ૨૯ | અધ્વર્યુ કૌશિક બાલમુકુંદ | અમદાવાદ |
| ૧૭૬ | આચાર્ય વિરેન્દ્ર ગીરીશચંદ્ર | અમદાવાદ |
| ૨૯૫ | જોષી અમીતા બી., મુંબઈ - રદ કરવું | |
| ૩૩૪ | જોષી અમીતા બી., મુંબઈ - રદ કરવું | |
| ૩૭૮ | ફાલ્ગુની દશરથભાઈ આચાર્ય - રદ કરવું | |
| ૪૧૮ | તેજલ મહેશભાઈ ભટ્ટ | અમદાવાદ |
| ૪૩૩ | ઉપાધ્યાય તુષાર રમણીકલાલ | મુંબઈ |

**ચાર જથ્થા ક્ષેત્ર**

| | | |
|---|---|---|
| ૫૬ | પંડ્યા જયેશ જયશંકર | સુરત |
| ૧૧૨ | વ્યાસ પરેશકુમાર નવનીતલાલ | અમદાવાદ |
| ૧૨૬ | ભરત ભાઈશંકર જોષી, વડોદરા - રદ કરવું | |
| ૧૪૩ | ભટ્ટ મેહુલ હસમુખભાઈ | અમદાવાદ |
| ૧૪૯ | વ્યાસ મોન્ટુકુમાર રાજેન્દ્રકુમાર | મદ્રીસણ |
| ૧૬૮ | મહેતા રમેશચંદ્ર કૃષ્ણકાંત | અમદાવાદ |
| ૧૮૮ | મહેતા વિપુલભાઈ નવિનચંદ્ર | ગંજેળા |
| ૧૯૪ | વિનોદભાઈ આઈ. વ્યાસ | વાપી |
| ૨૧૪ | મહેતા સુધીરકુમાર સુબોધચંદ્ર | અમદાવાદ |
| ૨૩૪ | ભટ્ટ પ્રમોદભાઈ જગજીવનદાસ, મુંબઈ - રદ કરવું | |
| ૨૮૨ | ઉપાધ્યાય દિલીપભાઈ એમ. - રદ કરવું | |
| ૩૦૭ | વ્યાસ શશીકાંત સોમેશ્વર | અમદાવાદ |
| ૩૩૪ | દવે કેતન કૃષ્ણકાંત - રદ કરવું | |
| ૩૮૧ | અમિનભાઈ પ્રહલાદભાઈ પુરોહિત | ધાકડી |
| ૩૮૮ | મિહિર જયેશભાઈ પંડ્યા | સુરત |
| ૩૯૯ | વિણાબેન હિતેશકુમાર જોષી | ધ્રાંગધ્રા |
| ૪૩૪ | જયેશ કુંદનલાલ મહેતા | |
| ૪૩૫ | અનિલ નટવરલાલ પંડ્યા | અમદાવાદ |

## ચરોતર વાલમ બ્રાહ્મણ યુવક મંડળ

### દશમ્ સમૂહ યજ્ઞોપવિતમાં સંસ્કાર મેળવનાર બટુકોની યાદી

કુશલ પરેશકુમાર ઉષાકાન્ત વ્યાસ, યુ.કે.
રુદ્ર સમીરકુમાર અનિલભાઈ વૈદ્ય, યુ.એસ.એ.
માધવ રાકેશકુમાર હરિકૃષ્ણ પુરોહિત, કરમસદ
તિમિન ચેતનકુમાર રામચંદ્ર પંડ્યા, યુ.કે.
પ્રણવ ભાવેશકુમાર રમેશચંદ્ર પંડ્યા, મુંબઈ
દેવ અમીતકુમાર રામકૃષ્ણ વૈદ્ય, બુરહાનપુર
હર્ષ અંક્તિકુમાર જીતેન્દ્રભાઈ પુરોહિત, અમદાવાદ
નૈતિક નિતીનકુમાર જશવંતભાઈ પુરોહિત, વડોદરા
મનન ચિરાગકુમાર દિલીપભાઈ જોષી, નડિઆદ
મલ્હાર વિશાલકુમાર દિલીપભાઈ જોષી, નડિઆદ

## પ્રેરણાદાયી

મુળ ધંધુકા, હાલ જામનગર રહીશ શ્રી ભાવિનભાઈ ના માતુશ્રી ગં.સ્વ. શર્મિષ્ઠાબેન જનાર્દનભાઈ ભટ્ટનું તા. ૨૪-૧-૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓશ્રીના માતુશ્રીની ઈચ્છા હતી કે તેમના અવસાન બાદ કોઈ પણ જાતના ખોટા ખર્ચા ન કરવા. જેથી શ્રી ભાવિનભાઈએ તેમના માતુશ્રીની ઈચ્છા મુજબ મરણ બાદ કોઈ ક્રિયા, વિધી કે ભોજન જેવા ખોટા ખર્ચા ન કરીને રૂા. ૧૦૦૧/- મહામંડળને ભેટ આપેલ છે. સમાજના કેટલાક રૂઢીચુસ્ત લોકો દ્વારા થનારી ટીકાની પરવા કરવા વિના જે પગલું તેમણે લીધું છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે.

**આદ્યશક્તિ વેલ્યુઅર**

**હરેન્દ્ર વિ. ભટ્ટ** મો. ૯૪૨૬૪ ૩૯૩૪૪, ૯૪૨૮૯ ૧૨૫૪૩
બી.ઈ. (સિવિલ) (રીટા. ડે.એક્ઝીક્યુટીવ એન્જી., સિંચાઈ ખાતું, ગુજરાત રાજ્ય)
એન્ડ ગવર્નમેન્ટ રજીસ્ટર્ડ વેલ્યુઅર.

૫, ત્રિલોક રો હાઉસીસ, પારમેશ્વર મહાદેવ તથા સ્વ.ભાસ્કરરાય પંડ્યા મ્યુ.કોમ્યુ. હોલ સામે, ચાણક્ય ટાવર સામે, ઓફ સંદેશ પ્રેસ રોડ, બોડકદેવ, અમદાવાદ-૫૪.

બીનખેતીની જમીન તથા મકાન માટેના વેલ્યુએશન તથા સિવિલ બાંધકામને લગતી તમામ કામગીરી માટે સંપર્ક કરો.
**વાલમ બંધુઓને ખાસ કન્સેશન**

## વિનામૂલ્યે લગ્નવિષયક જાહેરાત

વાલમ વર્તમાનમાં દર માસે વિનામૂલ્યે લગ્નવિષયક જાહેરાત આપવામાં આવશે તો લગ્ન ઉત્સુક જ્ઞાતિજનોએ નીચેના કોલમ પ્રમાણે જ માહિતી મોકલવી. તે પ્રમાણે નહીં હોય તો તે માહિતી પ્રસિદ્ધ કરવામાં નહીં આવે. વિનામૂલ્યે આ યોજનાનો લાભ લેવા વિનંતી.

### લગ્ન ઉત્સુક યાદી

૧. રાજેશ ચંદ્રકાન્ત ભટ્ટ, સરનામું : મુ.મુળી, તાલુકો મુળી, જીલ્લો સુરેન્દ્રનગર, જન્મ તા. ૨૭-૯-૮૪, ઉંચાઈ ૫'૬'', વજન ૬૦ કિ., અભ્યાસ : નોનમેટ્રીક, વેપાર તથા કર્મકાંડ, માંડવરાય મંદિરમાં વહીવટકર્તા, ૧ ભાઈ ૧ બહેન

૨. પિયુષ કે. વ્યાસ, ચાંદલોડીયા, અમદાવાદ, મો. ૯૯૦૪૫૬૮૨૫૦, જન્મ તા. ૨૯-૫-૮૫, જન્મ સ્થળ : દેકાવાડા, ઉંચાઈ ૫' ૭'', અભ્યાસ ધો. ૧૦ પાસ, સર્વિસ : માસિક આવક રૂા. ૧૦૫૫૦/-, ૧ ભાઈ

૩. ચિરાગ કે. વ્યાસ, ચાંદલોડીયા, અમદાવાદ, મો. ૯૭૨૬૯૫૩૯૧૦, જન્મ તા. ૧૨-૫-૮૮, જન્મ સ્થળ : દેકાવાડા, ઉંચાઈ ૫'૬'', અભ્યાસ ધો. ૧૦ પાસ, સર્વિસ માસિક આવક રૂા. ૧૦૦૦૦/-, ૧ ભાઈ

૪. ભટ્ટ ઉમંગ ભરતભાઈ (છનીયારવાળા), સરનામું : ૩૪, સ્નેહકુંજ સોસાયટી, ઈસનપુર, અમદાવાદ. મો. ૯૯૦૪૮૯૮૩૪૪, ૯૭૧૪૧૩૬૩૬૩, જન્મ તા. ૧૮-૧૦-૧૯૮૯, અભ્યાસ : એમ.એ. (સંસ્કૃત), વ્યવસાય : મેડીકલ સ્ટોર

૫. રચિત ગોપાલભાઈ પંડ્યા, સરનામું : ૧૫૧૨, કાશીબાની ખડકી, મામુનાયકની પોળ, કાલુપુર, અમદાવાદ-૧, મો. ૯૭૨૪૭૨૨૩૧૧, ૯૩૨૮૨૫૭૦૨૫, જન્મ તા. ૫-૭-૧૯૮૭, ઉંચાઈ ૫' ૧'', ઈમીટેશન જ્વેલરીનો વ્યવસાય, વાર્ષિક આવક રૂા. ૯૬૦૦૦/-

૬. જીગ્નેશ જી. જોષી, સરનામું : ભાવના એચ. ઉપાધ્યાય, સહજાનંદનગર, બીલવાડી શેરી, તુલસી મકાન સામે, ગોંડલ, મો. ૯૪૨૮૦૬૧૪૬૦, જન્મ તા. ૧૭-૯-૧૯૮૩, ઉંચાઈ ૫' ૮'', અભ્યાસ : બી.કોમ., એલ.એલ.બી., સર્વિસ - હીરોહોન્ડા શોરૂમ, માસિક આવક રૂા. ૭૫૦૦/-

૭. ભૌમિક દીપકભાઈ અધ્વર્યુ, સરનામું : પુનિત પોળ, બહુચરાજીના મંદિર પાસે, સરખેજ ગામ, જી. અમદાવાદ, મો. ૮૬૭૩૮૯૬૭૪૫, જન્મ તા. ૨૫-૯-૧૯૮૨, અભ્યાસ ધો. ૧૦, સર્વિસ માસિક આવક રૂા. ૫૦૦૦/-

૮. કિરણકુમાર ઉષાકાન્ત પંડ્યા, સરનામું : ઠે. ખારીકૂઈ પાસે, મુ.પો. તા. સાવલી, જિ. વડોદરા-૩૯૧૭૭૦. ફોન : ૦૨૬૬૭-૨૨૨૭૦૪, મો. ૯૭૨૩૩૭૯૫૩૮, જ.તા. ૩-૧૨-૧૯૯૦, જન્મ સ્થળ : નડીયાદ, ઉંચાઈ ૫' ૭'', વજન ૬૦ કિ., ગોત્ર આત્રિ, અભ્યાસ : ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમી. એન્જી., સર્વિસ : જામનગર એસ્સાર, મા.આવક રૂા. ૩૫૦૦૦/-૧ ભાઈ

૯. જયદેવ દિવાનભાઈ ઠાકર, સરનામું : 'મારૂતિ' અક્ષરધામ સોસાયટી, શેરી નં. ૫, બ્લોક નં. ૬૪, મો. ૯૭૨૪૧૪૮૭૯૬, જન્મ તા. ૧૯-૧-૧૯૮૮, ગોત્ર કૌશિક, અભ્યાસ ધો. ૧૨ પાસ, કોલેજ ચાલુ, પ્રાઈવેટ જોબ, ૧ ભાઈ, ૧ બહેન અપરિણિત

૧૦. હિકેન ભરતભાઈ વ્યાસ, સરનામું : ૯૯૯૯, મુખ્ય બજાર, રામજી મંદિર પાસે, મુ. નવા નાવડા, તા. બળવાળા, જી. અમદાવાદ. સંપર્ક : ધીરુભાઈ એન. ભટ્ટ, મો. ૯૯૨૫૨૮૪૦૮૩, જન્મ તા. :૧૧-૫-૧૯૮૯, રાત્રે ૧૦.૪૫, સ્થળ : અમદાવાદ, ઉંચાઈ ૫'૫'', વજન ૬૦ કિ., અભ્યાસ : એસ.એસ.સી., ધંધો કરિયાણાની દુકાન, વા.આ. ૨૫૦૦૦/-

૧૧. રાધિકા નરેશકુમાર જોષી, સરનામું : બી ૧/૧૬, સરકારી વસાહત, હિમાલય મો સામે, વસ્ત્રાપુર, અમદાવાદ. મો. ૯૪૨૭૨૧૪૮૫૨, જન્મ તા. ૮-૪-૮૫, રાત્રે ૦૦.૩૫, જન્મ સ્થળ : અમદાવાદ, ઉંચાઈ ૫'૨'', વજન : ૬૦ કિ., અભ્યાસ : ડિપ્લોમા સીવીલ માસ્ટર ઈન પરફોર્મિંગ આર્ટસ, નોકરી - ગવર્નમેન્ટ સર્વન્ટ, ટાઉન પ્લાનીંગ, અમદાવાદ, પગાર ૧૩૫૦૦/-, ભાઈ ૧ નાનો, બહેન નથી.

૧૨. રક્ષિત પ્રકાશભાઈ પંડ્યા, સરનામું : રામજી મંદિર પાસે, તા. બરવાળા, (ઘેલાશાહ), જિ. અમદાવાદ-૩૮૨૪૪૫. ફોન : ૦૨૭૧૧-૨૩૭૧૦૪, જન્મ તા. ૨૮-૬-૮૫, સાંજે ૮-૨૫, ગોત્ર - અંગીરસ, ઉંચાઈ ૫'૦'', વજન ૫૦ કિલો, વાન ઘઉંવર્ણ, કાલા-કપાસ-અનાજનો વેપાર, આવક વાર્ષિક ૨ લાખ રૂા., ૧ બહેન પરણિત

૧૩. અર્જુનભાઈ જયંતિભાઈ પુરોહિત, સરનામું : ૯, ગુજરાત હાઉસીંગ બોર્ડ, કલોલ રોડ, કડી-૩૮૨૭૧૫. મહેસાણા. મો. ૮૦૦૦૨૨૧૩૧૬, જન્મ તા. ૨-૪-૧૯૯૦, ગોત્ર કૌશિક, ઉંચાઈ ૬'૫'', વજન ૬૫ કિલો, અભ્યાસ : એમ.કોમ., સર્વિસઃ એકાઉન્ટ એન્ડ સેલ્સ ઓફિસર, પગાર માસિક રૂા. ૬૦૦૦/- ૧ બહેન પરણિત

૧૪. મિલિન્દ ભાનુપ્રસાદ ઉપાધ્યાય, સરનામું, ભાનુ સ્ટોર્સ, બુધવારી બજાર, સીઓની-૪૮૦૬૬૧ (મધ્યપ્રદેશ). મો. ૦૯૪૨૫૧૭૪૯૭૧, જન્મ તા. : ૨૨-૧૦-૮૧, ગોત્ર - આત્રી, ઉંચાઈ ૫'૧૦'', અભ્યાસ : બી.ઈ. (કોમ્પ.એન્ડ એન્જી.), એમ.બી.એ., ૨ બહેન પરણિત

૧૫. આરતી રમેશચંદ્ર વ્યાસ, સરનામું : 'શિવશક્તિ' ૪, લક્ષ્મીનગર, નાનમોવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૪., મો. ૦૯૪૨૯૦૯૬૫૦૭ (રમેશચંદ્ર કિ.વ્યાસ), જન્મ તા. ૭-૧-૧૯૯૦, સવારે ૯.૦૭ મિનીટ, અભ્યાસ- બી.કોમ.,પી.જી. ડી.સી.એ., એમ.એસ.સી. આઈ.ટી. અને સી.એ. (માસ્ટર ડિગ્રી), હાલ રાજકોટ મ્યુ.કોર્પો.સંચાલિત શાળામાં કોમ્પ્યુટર કો.ઓર્ડીનેટર તરીકે (કોન્ટ્રાક્ટ બેઈઝ) ફરજ બજાવે છે.

૧૬. કુ. કુણાલી ક્ર્તીકુમાર પંડ્યા, જ.તા. ૦૮-૦૭-૧૯૯૪, જન્મ સમય : સવારે ૧૦ કલાકે, જન્મ સ્થળ : અમદાવાદ, ગોત્ર : કૃષ્નાર્થ, ઉંચાઈ ૫'૨'', વજન ૫૦ કિલો, અભ્યાસ એમ.કોમ. પાર્ટ ટુ, તથા સી.એ.નો અભ્યાસ ચાલુ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ત્યાં નોકરી, બે નાના ભાઈ, સંપર્ક : ૯૪૨૯૯ ૦૫૪૦૦, સરનામું : ૧૦૨/૧૨૯૬, ઉદય એપાર્ટમેન્ટ, નારણપુરા ટેલીફોન એકસચેન્જ પાછળ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩.

૧૭. શાસ્ત્રી સતિષકુમાર નરેન્દ્રપ્રસાદ વ્યાસ, જ.તા. ૭-૮-૧૯૯૦, ધો. ૧૨ પાસ, વ્યવસાય : શાસ્ત્રી (કર્મકાંડ), માસિક આવક રૂા. ૨૦૦૦૦/-. સરનામું : મુ.પો. ઉંછા, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા, સંપર્ક : નરેન્દ્રકુમાર અંબાલાલ વ્યાસ, મો. ૯૭૨૪૬૩૨૪૫૩. ફોન : ૦૨૭૭૦-૨૩૦૦૬૭

૧૮. હિરેન ભરતભાઈ ઉપાધ્યાય, જ.તા. ૨૮-૮-૧૯૮૯, ગોત્ર - ભારદ્વાજ, વજન ૬૨ કિ.ગ્રા., ઉંચાઈ-૫'૮'', અભ્યાસ - એમ.કોમ., નોકરી - પ્રસાદ ગ્રુપ ઓફ કંપની, વટવા, માસિક આવક - રૂા. ૨૧૦૦૦/-, ભાઈ -૧ મોટો પરણિત, બહેન નથી, સરનામું : ૧૪/૩૨૪, ગુ.હા.બોર્ડ, મેઘાણીનગર, અમદાવાદ. મો. ૮૭૫૮૬૬૮૨૯૩ (પિતા-ભરતભાઈ), ૯૪૨૯૦૬૪૧૭૨ (માતા-સરોજબેન ભરતભાઈ)

૧૯. જોષી નિકુંજ અરવિંદભાઈ, અભ્યાસ -એમ.એ-ટુ - નોકરી - આચાર્ય, સરનામું : અરવિંદભાઈ નરભેરામ જોષી, મુ. ગાજણવાવ, પો. રાજસીતાપુર, તા. ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર

૨૦. નિર્મિત દિપકકુમાર દિક્ષીત, મુ. અમદાવાદ. હાલ મુંબઈ, સંપર્ક : ફોન : ૦૨૬૪૨-૨૩૩૨૦૭, મો. ૭૬૦૦૦૧૨૨૫૮, ૭૬૦૦૦૧૮૬૫૮, જ.તા. ૨૪-૭-૧૯૮૮, ઉંચાઈ ૫'૭'' વજન ૬૨ કિલો, અભ્યાસઃ બી.ઈ. (ઈસી), એમબીએ, નોકરી : મલ્ટી નેશનલ કંપની, એક બહેન (પરિણીત)

૨૧. પંડ્યા દર્શન જીતેન્દ્રભાઈ, સરનામું : 'દર્શન', શાંતિનિકેતન રેસીડેન્સી, તિરુપતિ ટેનામેન્ટ-૨, આલાપ ગ્રીન સીટી પાસે, રૈયારોડ, રાજકોટ. મો. ૯૯૭૯૨૧૬૧૮૨, ૯૪૨૭૭૭૭૨૬૭, જ.તા. ૪-૧૦-૧૯૯૦, જ.સમય : ૫.૦૦ સવાર, જ.સ્થળ : શિહોર, ભાવનગર ગોત્રઃ અત્રી, અભ્યાસ : ધો. ૧૨, વ્યવસાય : બિલ્ડીંગ મટીરીયલ, આવક : માસિક રૂા. ૨૫૦૦૦/-

૨૨. ચિરાગ કૌશિકભાઈ વ્યાસ, સરનામું : એફ-૩૦૨, સાતત્ય એવન્યુ, આશ્રય પ્લેટીનાની સામે, ન્યુ રાણીપ, અમદાવાદ. જ.તા. ૧૨-૫-૧૯૮૮, અભ્યાસ : ધો. ૧૦ પાસ, ઉંચાઈ : ૫'૬'', વ્યવસાય સર્વિસ, પગાર : રૂા.૧૫૦૦૦/-


શુભેચ્છા સહ

**સેફ ગાર્ડ સીક્યોરીટી**

**શ્રી ભવ્યાંગ હરિકૃષ્ણભાઈ મહેતા**

**૨૬/એ, ગોપાલકુંજ સોસાયટી, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.**

**ફોન : ૨૫૪૬૨૩૭૨, મો. ૯૮૭૯૭૬૨૩૭૨**

**શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ અને શ્રી ચિરંજીતભાઈ વ્યાસ અને પરિવારના જયશ્રી સાંઈરામ**



**SAI FINANCIAL SERVICES**

**SHREE SAIRAM CONSULTANCY PVT. LTD.**



401, 404, 405, Sur Sarthi Complex, Nr. Ambawadi Circle, Ahmedabad-380006.

Phone : (O) 079-65219173 (M) 98250 24877

## વિચારવા જેવું...

જીવનમાં સામનો કરવી પડતી બે ઘટનાઓમાં સમજી વિચારી આગળ વધવું જરૂરી છે જેથી આગળ ઉપર પસ્તાવાનો સમય ન આવે. આ બે ઘટનાઓના નામ છે, શંકા અને વિશ્વાસ.

આ બંને ઘટનાઓ માનવ જીવન સાથે અભિન્ન અંગની જેમ સંકળાયેલી છે. શંકા અને વિશ્વાસ વચ્ચે અંધારા અને અજવાળા જેટલું વેર એટલે કે દુશ્મનાવટ છે, અંધારા પછી અજવાળું તો આવે જ છે, પરંતુ મહદ્ અંશે શંકામાં ક્યારેય ક્મી થતી નથી અને ક્યારેક વધતી જાય છે. સમય જતાં મોટી નુક્સાની કે જાનહાની માં પણ પરિણમે છે. જ્યારે વધુ પડતો વિશ્વાસ મોટી મુશ્કેલીમાં મુકીને તારાજ કરી શકે છે. માટે જ શંકાના નિવારણ માટે યોગ્ય તપાસ, જરૂરી પૂછપરછ કરીને સત્ય જાણવા કોશીષ કર્યા પછી જ પગલું ભરવું, ઉતાવળે લીધેલો નિર્ણય ક્યારેક ઘાતક નિવડે છે અને શંકા ખોટી હોવાનું જાણ્યા પછી પસ્તાવાનો સમય આવે છે.

કોઈ ઉપર એક્દમ જલ્દી વિશ્વાસ મુક્તા પહેલા જે તે વ્યકિતના ભૂતકાળ વિશે અવગત થવું ખૂબ જ જરૂરી છે, ક્યારેક પસ્તાવાનો સમય ન આવે એ માટે સમજી વિચારી સાવચેતીથી આગળ વધવું જોઈએ...

## ઈશ્વર અદ્રશ્ય કેમ છે ?

ફૂલની સુગંધ જેમ દેખાતી નથી, તેમ ઈશ્વર પણ અદ્રશ્ય છે. માત્ર એનું સાનિધ્ય જ અનુભવવાનું હોય છે. જે હંમેશા સુખદાયક હોય છે, અનિષ્ટ કરતા રોકે છે અને સદ્કાર્ય કરવાની પ્રેરણા પુરે છે.

## બેટી બચાવો બેટી ભણાવો

આજનું વડાપ્રધાનશ્રીનું સ્લોગન 'બેટી બચાવો, બેટી ભણાવો' જે આપણા મહાન ક્વિ શ્રી દલપતરામે આઠ દશક પહેલાં મુંબઈની એક શાળાના ઉદ્‌ઘાટન સમારોહમાં ક્હેલું.

"વનિતા વિદ્યા ભણે સમજે એનો સાર
ઉપજે પ્રજા પ્રવિણ તો સુધરે આ સંસાર"

## આજના સુવિચારો

સુખ વહેંચવાથી બમણું થઈ જાય છે, દુઃખ વહેંચવાથી અડધું થઈ જાય છે.

સુરક્ષા એ પરાધિનતાનું પ્રતિક છે. આત્મરક્ષણ એ ધર્મનું પ્રતિક છે.

નારાજગી એ સાચા પ્રેમનું પ્રતિક પણ હોઈ શકે છે, વિચારીને આગળ વધો.

જે વ્યકિત પારકા ધન, ઐશ્વર્ય કે થતા સન્માનની ઈર્ષા કરે છે તે પોતાની જાતને કારણ વિના પીડાનો ભોગ બનાવે છે.

સુંદર વાણી, નિર્મળ મન અને પવિત્ર અંતર સાથે ઈશ્વરની પ્રાર્થના કરો, આપની જીભમાં સરસ્વતીનું સિંહાસન બની જશે.

માણસમાં જો માનવતા ન હોય તો બળ, બુદ્ધિ અને વૈભવની કોઈ કિંમત નથી.

દ્રષ્ટિકોણ ગુમાવી દેવો એ દ્રષ્ટિ ગુમાવી દેવા કરતાં પણ વધારે ખરાબ છે.

અ ધન ક્માવવાનો કોઈ અર્થ નથી, જેને ભોગવવા માટે તમારી પાસે સમય જ નથી. થોડું ક્માઓ, થોડું ખાઓ, સુખી રહો.

Permitted to post at Ahd PSO on 5th of every month • Valid up to 31 Dec. 2017

## શંભુ શરણે પડી....

શંભુ શરણે પડી,માંગુ ઘડીએ ઘડી, કષ્ટ કાપો
દયા કરી દર્શન શિવ આપો...
તમો ભકતોના દુઃખ હરનારા,
શુભ સૌનું સદા કરનારા,
હું તો મંદ મતિ તારી અકળ ગતિ કષ્ટ કાપો
દયા કરી દર્શન શિવ આપો....
આપો ભકિતમાં ભાવ અનેરો,
શિવ ભકિતમાં ધર્મ ઘણેરા,
પ્રભુ તમો પુજો, દેવી પાર્વતી પુજો, કષ્ટ કાપો...
દયા કરી દર્શન શિવ આપો....
અંગે ભષ્મ સ્મશાનની ચોળી,
સંગે રાખો સદા ભૂત ટોળી,
ભાલે તિલક કર્યું કંઠે વિષ ધર્યું અમૃત આપો
દયા કરી દર્શન શિવ આપો...
નેતિ નેતિ જ્યાં વેદ કહે છે,
મારૂં ચીતડું ત્યાં જાવા ચાહે છે,
સારા જગમાં છે તું વસું તારામાં હું, ભકિત આપો,
દયા કરી દર્શન શિવ આપો

હું તો એકલ પંથી પ્રવાસી,
છતાં આતમ કેમ ઉદાસી
થાક્યો મથી રે મથી, કારણ જડતું નથી,
સમજણ આપો
દયા કરી દર્શન શિવ આપો
આપો ભકિતમાં તેજ અનોખું,
સારી સૃષ્ટિને શિવરૂપ દેખું
મારા મનમાં વસો, હૈયે આવી હસો, શાંતિ આપો
દયા કરી દર્શન શિવ આપો.
ભોળા શંકર ભયદુઃખ કાપો,
નિત્ય સેવાનું શુભ ધન આપો
ટાળો માન મદા, ગાળો ગર્વ સદા, ભકિત આપો
દયા કરી દર્શન શિવ આપો
અંગે શોભે છે રૂદ્રાક્ષની માળા,
કંઠે લટકે છે ભોરીંગ કાળા,
તમો ઉમિયાપતિ અમને આપો મતિ, કષ્ટ કાપો
દયા કરી દર્શન શિવ આપો.

વા.વર્તમાન પ્રકાશન સમિતિની મીટીંગ ૨૦-૩-૨૦૧૬, રવિવાર ના રોજ બપોરે ૪ વાગે તથા હોદ્દેદારોની મિટીંગ બપોરે ૩ વાગે રાખેલ છે.

**તંત્રી-મુદ્રક-પ્રકાશક :** શ્રી નરહરિપ્રસાદ ત્રિભુવનદાસ વ્યાસ, ૧૬, જગદીશ સોસાયટી, સી.ટી.એમ., રામોલ રોડ, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬. મો. ૯૪૨૭૬૧૪૦૦૫

**નાણાંકીય વ્યવહાર :** ખજાનચી, શ્રી કૌશિકભાઈ જી. આચાર્ય, ૧૨/૧, સંગઠન સોસા., સરકારી વસાહત પાછળ, ડ્રાઈવઈન રોડ, થલતેજ, અમદાવાદ-૫૨. ફોન : ૦૭૯-૨૭૯૧૨૯૬૮

**મંત્રી :** જયપ્રકાશ ભાનુપ્રસાદ શુક્લ, બી-૪૦૪, સુકિર્તી એલીગન્સ, વ્રજવિહાર-૨ ની બાજુમાં, સ્ટાર બજાર સામે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.

**માલિક :** શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, 'કૃષ્ણનિવાસ', સી/૮, પ્રાર્થના ફ્લેટ, અંકુર સ્કૂલ સામેના ખાંચામાં, ફતેહનગર, પાલડી, અમદાવાદ-૭. (પત્રવ્યવહારનું સરનામું) ફોન : ૦૭૯-૨૬૬૩૦૪૪૯

મુદ્રણ સ્થાન : ફર્સ્ટ આઈકોન પ્રિન્ટર્સ, ૪૧૩/૮, અલકા શોપિંગ સેન્ટર, શાહેઆલમ ટોલનાકા, અમદાવાદ-૨૨.

**ખાસ નોંધ :** મુખપત્રમાં કોઈ પણ જ્ઞાતિબંધુ તેમજ વિભાગીય મંડળો તરફથી આવતી મેટરો, લખાણ, ભાષા માટે મહામંડળ તથા તંત્રી જવાબદાર નથી. - **તંત્રી**